# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-08-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

***************************************************

1. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓના મુદ્દા સહિત કોઈપણ મુદ્દા પર ચર્ચા કરવા અને ગૃહમાં ઉઠાવવામાં આવેલા કોઈપણ પ્રશ્નોના જવાબ આપવા સંપૂર્ણપણે તૈયાર છે.
2. વિપક્ષોના હોબાળાના પગલે સંસદના બંને ગૃહોની કાર્યવાહી મોકૂફ
3. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે સંઘર્ષમાંથી માર્ગને સરળ બનાવવાનારા યુવાનોની આજે દેશને જરૂરિયાત..
4. વંદે માતરમની 150મી વર્ષગાંઠ નિમિત્તે ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે રાષ્ટ્રગીતની ભાવનાએ ભારતના સ્વતંત્રતા સંગ્રામને પ્રેરણા આપી.
5. ભારતીય શેરબજારમાં આજે ઘટાડા સાથે કારોબાર.
6. ભારતીય ગ્રાન્ડમાસ્ટર આર પ્રજ્ઞાનંધાએ સિંકફિલ્ડ કપના બીજા રાઉન્ડમાં જાવોખિર સિંદારોવને પરાજય આપ્યો.

---------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે જણાવ્યું હતું કે સરકાર વિદ્યાર્થીઓના મુદ્દા સહિત કોઈપણ મુદ્દા પર ચર્ચા કરવા અને સંસદમાં સભ્યો દ્વારા ઉઠાવવામાં આવેલા કોઈપણ પ્રશ્નોના જવાબ આપવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. સંસદ પરિસરમાં પત્રકારો સાથે વાત કરતા શ્રી શાહે કહ્યું કે સરકાર પાસે છુપાવવા માટે કંઈ નથી અને તે ચર્ચા માટે તૈયાર છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે વિપક્ષ બપોરે 2 વાગ્યા સુધીમાં સ્પીકરને આ મુદ્દા પર ચર્ચા કરવા માટે નોટિસ સુપરત કરી શકે છે જેથી આજે બપોરે 3 વાગ્યે ચર્ચા શરૂ થઈ શકે. શ્રી શાહે કહ્યું કે જો ચર્ચા શરૂ થશે, તો તેઓ ગૃહની અંદર રહેશે અને દરેક સભ્યને સાંભળશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ચર્ચા પૂર્ણ થયા પછી, તેઓ આવતીકાલે બપોરે 3 વાગ્યે ચર્ચાનો જવાબ આપવા માટે તૈયાર છે.

(S/B: AMIT SHAH)

શ્રી શાહે કહ્યું કે સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું છે કે સરકાર NEET પરીક્ષા અંગે વિદ્યાર્થીઓના વિરોધને લગતા તમામ પાસાઓ પર ચર્ચા માટે તૈયાર છે. જોકે, શ્રી શાહે આરોપ લગાવ્યો કે વિપક્ષ ગૃહમાં કામ ખોરંભે પાડી રહ્યું છે.. તેમણે કહ્યું કે આવા ગંભીર મુદ્દા પર સંસદીય પ્રક્રિયા અનુસાર ચર્ચા થવી જોઈએ.

(S/B: AMIT SHAH)

# HOUSE ADJOURNED

NEET મુદ્દા પર વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન કથિત પોલીસ કાર્યવાહી સહિત અનેક મુદ્દાઓ પર વિપક્ષના હોબાળાને કારણે સંસદના બંને ગૃહો બપોરે 2:00 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવ્યા છે.

જ્યારે લોકસભા સવારે 11 વાગ્યે શરૂ થઈ, ત્યારે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ પ્રશ્નકાળ શરૂ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ વિપક્ષના સભ્યોએ વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન કથિત પોલીસ કાર્યવાહી અને અયોધ્યા રામ મંદિરના દાનમાં કથિત ગેરરીતિઓનો મુદ્દો ઉઠાવ્યો. શ્રી બિરલાએ કહ્યું કે આજે દેશ આંતરરાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી કરી રહ્યો છે અને દેશના યુવાનો પણ તેમના સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા ઇચ્છે છે. સ્પીકરે વિપક્ષના સભ્યોને સંસદની ગરિમાને નબળી ન પાડવા અને ગૃહને પ્રશ્નકાળ શરૂ કરવા દેવા વિનંતી કરી, પરંતુ વિપક્ષ તેમની માંગણી પર દબાણ કરી રહ્યું હતું. જોકે, વિપક્ષના સભ્યો દ્વારા સતત હોબાળાને કારણે, સ્પીકરે ગૃહને બપોરે 2:00 વાગ્યા સુધી સ્થગિત કરી દીધું. રાજ્યસભામાં પણ આવી જ સ્થિતી સર્જાઇ હતી.

# PM BOOK LAUNCHING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની આત્મકથા 'ટ્રાયમ્ફ ઓફ ધ ઇન્ડિયન રિપબ્લિક: માય લાઇફ, માય સ્ટ્રગલ્સ'નું વિમોચન કર્યું. આ આત્મકથામાં શ્રી કોવિંદની નોંધપાત્ર જીવનયાત્રાનો વ્યક્તિગત અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે, જેમાં તેમના શરૂઆતના વર્ષોથી લઈને તેમના પ્રતિષ્ઠિત જાહેર જીવન અને ભારતના 14મા રાષ્ટ્રપતિ તરીકેની સેવા સુધીના અનુભવો, સંઘર્ષો અને સિદ્ધિઓનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે બોલતા, શ્રી મોદીએ કહ્યું કે શ્રી કોવિંદની આત્મકથા ફક્ત તેમના જીવન, વ્યક્તિત્વ અને યોગદાન વિશે જ સમજ આપશે નહીં પરંતુ ભારતીય લોકશાહી અને સમાજ માટે એક વારસો તરીકે પણ કામ કરશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે સંઘર્ષમાંથી માર્ગ બનાવનારા યુવાનોની આજે દેશને જરૂર છે.

**(BYTE – PRIME MINISTER NARENDRA MODI)**

# VP- HAR GHAR TIRANGA

વંદે માતરમની 150મી વર્ષગાંઠ નિમિત્તે સંસ્કૃતિ મંત્રાલય દ્વારા આયોજિત 'હર ઘર તિરંગા' બાઇક રેલીમાં ભાગ લેનારાઓને સંબોધતા ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને કહ્યું કે 'વંદે માતરમ' ની ભાવનાએ ભારતના સ્વતંત્રતા સંગ્રામને પ્રેરણા આપી હતી અને આજે પણ દેશની ઓળખને મજબૂત બનાવી રહી છે. તેમણે કહ્યું કે 'વંદે માતરમ' ના શબ્દોએ દેશભક્તિની ભાવના જાગૃત કરી અને વસાહતી શાસન સામેની લડાઈમાં વિવિધ પ્રદેશો, ભાષાઓ અને ધર્મોના લોકોને એક કર્યા.

વીર સાવરકર, નેતાજી સુભાષચંદ્ર બોઝ અને તિરુપુર કુમારન જેવા સ્વતંત્રતા સેનાનીઓના બલિદાનને યાદ કરતાં તેમણે કહ્યું કે તેમની હિંમતે 'વંદે માતરમ' ની ભાવનાને જીવંત રાખી. શ્રી રાધાકૃષ્ણને 'હર ઘર તિરંગા' અભિયાનને એક જન આંદોલન ગણાવ્યું, જે નાગરિકોને સક્રિયપણે ભાગ લેવા, ગર્વથી ત્રિરંગો લહેરાવવા અને એકતા અને સેવાની ભાવનાને મજબૂત બનાવવા માટે પ્રોત્સાહિત કરે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# JITENDRA SINGH, RAJNATH -VIKRAM SARABHAI

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે આજે ઈસરોના પ્રથમ અધ્યક્ષ ડૉ. વિક્રમ સારાભાઈને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી છે. સોશિયલ મીડિયા સંદેશમાં ડૉ. સિંહે કહ્યું કે સારાભાઈએ ભારત માટેનું જે મહત્વાકાંક્ષી સ્વપ્ન જોયું હતું તે આજે ગૌરવપૂર્ણ રીતે સાકાર થયું છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પણ સોશિયલ મીડિયા સંદેશ મારફતે શ્રદ્ધાંજલિ આપતા કહ્યું કે, ડૉ. સારાભાઈની વૈજ્ઞાનિક કલ્પનાશક્તિએ ભારતની અવકાશ યાત્રાનો પાયો નાખવામાં મદદ કરી અને તેમણે ભાર મૂક્યો કે ભારતનો અવકાશ કાર્યક્રમ આજે જે ઊંચાઈએ પહોંચ્યો છે તે ડૉ. સારાભાઈના વિઝન, દૃઢ નિશ્ચય ને કારણે જ શક્ય બન્યું છે.

# BIRLA- INTERNATIONAL YOUTH DAY

આંતરરાષ્ટ્રીય યુવા દિવસ પર, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ કહ્યું કે યુવાનોના સપના ભારતની આવતીકાલનો પાયો છે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી બિરલાએ કહ્યું કે યુવાનોની ઉર્જા ભારતની તાકાત છે. તેમણે લોકોને આ દિવસ નિમિતે ભારતના યુવાનોની ક્ષમતા અને વિકસિત ભારતના રાષ્ટ્ર નિર્માણમાં તેમના અમૂલ્ય યોગદાનની ઉજવણી કરવા વિનંતી કરી.

# BHUPENDER YADAV-ENVIRONMENT DAY

વિશ્વ હાથી દિવસ પર, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે આજે હાથીઓ અને માનવ વચ્ચેના સંકલનને વધુ સલામત બનાવવા ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો .એક સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી યાદવે પ્રકાશિત કર્યું કે 14 રાજ્યોમાં 33 હાથી અનામત વિસ્તાર, 150 હાથી કોરિડોર, માનવ-હાથી સંઘર્ષ ઘટાડવા માટે મજબૂત પગલાં સાથે, ભારત હાથી સંરક્ષણને મજબૂત બનાવી રહ્યુ છે. તેમણે કહ્યું કે જ્યારે હાથીઓનું ભવિષ્ય સુરક્ષિત હશે ત્યારે જંગલો, જૈવવિવિધતા અને પર્યાવરણીય વારસો પણ સુરક્ષિત થાય છે. મંત્રીએ નાગરિકોને વિનંતી કરી કે હાથી આવનારી પેઢીઓ માટે ભારતના જંગલો અને લેન્ડસ્કેપ્સમાં મુક્તપણે ફરતો રહે તે આવશ્યક છે.

# HIMACHAL – ACCIDENT

હિમાચલ પ્રદેશના સિરમૌર જિલ્લાના શ્રી રેણુકાજી વિધાનસભા મતવિસ્તારમાં ગેટલોગ નજીક એક બોલેરો પિકઅપ વાહન ઊંડી ખીણમાં ખાબકતાં ચાર લોકોના મોત થયા છે, જ્યારે નવ લોકો ઘાયલ થયા છે. તમામને સારવાર માટે નાહન મેડિકલ કોલેજમાં ખસેડાયા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. સિરમૌરના પોલીસ અધિક્ષક નિશ્ચિંત સિંહ નેગીએ જણાવ્યું હતું કે આ અંગે તપાસ કરવામાં આવી રહી છે.

# MAHA -LANDSLIDE

મુંબઈના ઘાટકોપરમાં આજે વહેલી સવારે ભારે વરસાદને કારણે ભૂસ્ખલન થતાં 6 લોકોના મોત થયા છે અને 4 લોકો ફસાયા હોવાની આશંકા છે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ચિરાગ નગરના ગૌશિયા ચાલમાં સવારે લગભગ 3 વાગ્યે ભૂસ્ખલન થયું હતું. હાલમાં બચાવ કામગીરી ચાલુ છે. NDRF કર્મચારીઓ, BMC સ્ટાફ અને એમ્બ્યુલન્સ સ્થળ પર તૈનાત કરવામાં આવી છે.

# STOCKS 1200

આજે બપોરના સત્રમાં બેન્ચમાર્ક સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો લગભગ 0.7 ટકાના ઘટાડા સાથે ટ્રેડ થઈ રહ્યા હતા. છેલ્લા અહેવાલો આવ્યા ત્યારે સેન્સેક્સ 555 પોઈન્ટ જ્યારે નિફ્ટી 177 પોઈન્ટ ઘટીને કારોબાર કરી રહ્યો હતો.

ક્ષેત્રીય મોરચે, IT, FMCG અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સના શેરોમાં વેચવાલી જ્યારે PSU બેંક અને મેટલના શેરોમાં લેવાલી હતી.

# PRAGGNANANDHAA-CHESS TOUR

ભારતીય ગ્રાન્ડમાસ્ટર આર પ્રજ્ઞાનંધાએ અમેરિકાના સેન્ટ લુઇસમાં સિંકફિલ્ડ કપના બીજા રાઉન્ડના મુકાબલામાં જાવોખિર સિંદારોવને હરાવ્યો. આ ટુર્નામેન્ટમાં તેનો પહેલો વિજય છે, જે ગ્રાન્ડ ચેસ ટૂરની ઉપાંત્ય ઇવેન્ટ છે. પ્રજ્ઞાનંધાએ શરૂઆતથી અંત સુધી રમત પર પ્રભુત્વ મેળવ્યું. આ જીત સાથે, પ્રજ્ઞાનંધ બે રમતોમાંથી 1.5 પોઈન્ટ પર પહોંચી ગયો.